| PUBLICATION NAME : | NavGujarat Samay |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/11/23 |
| PAGE : | 4 |

# કૉલેજના વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગ શરૂ કરવા 40,000ની સહાય ચૂકવાશે

## પ્રારંભિક તબક્કે 500 નોડલ ઓફિસર નિયુક્ત કરી 2000 છાત્રોને લાભ અપાશે

» ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસી સંદર્ભે EDII સાથે MoU કરાયા



**નવગુજરાત સમય** > ગાંધીનગર

ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિક્લ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિક્તા પોલિસીની અસરકારક અમલવારી માટે EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા) સાથે MOU કરાયા હતા. જેના અનુસંધાને, પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડ્લ ઓફિસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને ઉદ્યોગ સાહસિક્તા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લેવાશે. આ રીતે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂપિયા ૪૦,૦૦૦ જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરાયું છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં રહેલા નવોન્મેષ વિચારો, સ્કીલ ને પ્લેટફોર્મ મળશે અને સમાજમાં નવા આંતરપ્રિન્યોર્સ તૈયાર થશે.

રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લૉ કોલેજો, ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિક્સાવવા અને તેમને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસી અમલમાં મૂકી છે.

આ પોલિસીની અસરકારક અમલવારી માટે જ આજે આ MOU કરવામાં આવ્યા છે. આ MOU પ્રસંગે ઉચ્ચ અને ટેકનિક્લ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ઉચ્ચ શિક્ષણ નિયામક પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યાં હતા.